
# ઉલ્લાસ અને ઉમંગભર્યા વાતાવરણમાં યુવાધન હિલોળે ચડયું












## મનપાની કચેરી નવા બિલ્ડીંગમાં ગુપ્તતા સાથે કાર્યરત કરી દેવાઈ

ગાંધીનગર, તા. ૧

ગાંધીનગર મહાનગરપાલિકાએ ગુપચુપતા દાખવી અને નવા બિલ્ડીંગમાં તેની કચેરીને કાર્યરત કરી દીધી છે.

ગાંધીનગર મહાનગરપાલિકાની કચેરીના નવા બિલ્ડીંગનું એક વર્ષ કરતાં પણ વધુ સમય પૂર્વે લોકાર્પણ કરવામાં આવ્યુ હતુ. આ પછી ફર્નિચર અને અન્ય કામગીરીને લઈ કચેરી શરૂ કરવાની વાત અટવાઈ હતી.

વારંવાર કમિશનરે પણ કામગીરી અંગે મુલાકાત લીધી હતી અને એજન્સીને સૂચનાઓ આપી ઝડપથી કામગીરી પૂરી કરવા જણાવ્યુ હતુ. આ પછી છેલ્લે એજન્સીને નોટીસ ફટકારવામાં આવી હતી અને પાંચમા નોરતે ઓફિસ ખસેડવાનું મુહૂર્ત પણ નિયત કરાયુ હતુ.

જો કે એજન્સીની મંથરગતિને લઈ ગઈકાલે કમિશનર જાતે જ બિલ્ડીંગ પર પહોંચ્યા હતા અને સવાર સુધીમાં કામગીરી પૂર્ણ કરવા જણાવ્યુ હતુ. તેમણે ત્યાં ડેરા તંબુ પણ તાણ્યા હોવાની વાતો જાણવા મળી છે.

આ પછી આજે સવારે ૧૧ વાગે કમિશનર સીધા જ પોતાની નવી કચેરીના ત્રીજા માળે આવેલ તેમની ઓફિસમાં પ્રવેશ કર્યો હતો અને કામગીરી આરંભી દીધી હતી.

આ વાતની જાણ થતાં જ મેયર, ડે. મેયર અને સ્થાયી સમિતિના ચેરમેન પણ ત્યાં આવી પહોંચ્યા હતા. નવી ઓફિસમાં પ્રથમ દિવસ હોવાથી ચા-પાણી કરાવવામાં આવ્યા હતા અને સોમવારથી વિધિવત્ કચેરીઓ અહિ કાર્યરત થઈ જશે તેમ તેમણે જણાવી દીધુ હતી.

કમિશનર બાદ નાયબ મ્યુનિ. કમિશનરો પણ તેમની નવી ઓફિસમાં પ્રવેશ કરી અને કામગીરીનો આરંભ કરી દીધો હતો.

રવિવારે રજાના દિવસે ઓફિસ શિફટીંગની કામગીરી કરવામાં આવશે અને દશેરા સુધીમાં તમામ ઓફિસો અહિ કાર્યરત કરી દેવામાં આવશે તેમ મનપાના સૂત્રોમાંથી જાણવા મળેલ છે.

ગાંધીનગર મનપાની હાલની કચેરીને ઝોન કચેરીમાં રૂપાંતરિત કરવામાં આવશે તેમ પણ આ સૂત્રોએ જણાવ્યુ છે.

આ સૂત્રોના જણાવ્યા પ્રમાણે નવી કચેરીમાં પણ ચૂંટાયેલી પાંખ ચોથા માળે બેસશે જ્યારે મનપાના વર્ગ-૧ના અધિકારીઓ ત્રીજા માળે અને મનપાની કચેરીઓ પહેલા અને બીજા માળે કાર્યરત કરવામાં આવશે.

આ સૂત્રોએ જણાવ્યુ છે કે એજન્સીને અપાયેલ પેનલ્ટી નોટીસ પછી જે કામગીરી બાકી છે તે ચાલુ ઓફિસ દરમ્યાન જ પૂર્ણ કરવાની રહેશે.

## શહેર-જિલ્લામાં કોરોનાના ૪ કેસ નોંધાયા

ગાંધીનગર, તા. ૧

ગાંધીનગર શહેર-જિલ્લામાં કોરોનાના વધુ ૪ કેસ નોંધાયા છે. ગાંધીનગર શહેરમાં કોરોનાના વધુ ૨ કેસ અને ગ્રામ્ય વિસ્તારમાં પણ વધુ ૨ કેસ નોંધાયા છે.

ગઈકાલની તુલનામાં શહેર-જિલ્લામાં આજે ૫૦ ટકા ઘટાડો કેસોની સંખ્યામાં નોંધાયો છે. કેસોની સંખ્યામાં થઈ રહેલી વધ-ઘટને પગલે તંત્રની ચિંતા વધી છે. શહેર-જિલ્લામાં લોકલ ટ્રાન્સમિશનથી જ સતત કેસો નોંધાઈ રહ્યા છે અને કોરોનાની ગાઈડલાઈનના પાલનમાં લોકોની બેદરકારીએ તંત્રની ચિંતામાં વધારો કર્યો છે.

ગાંધીનગર શહેરમાં કોરોનાના આજે નવા બે કેસ નોંધાયા છે. સે. ૧૨માં ૪૦ વર્ષીય પુરૂષ અને આઈ.આઈ.ટી. કેમ્પસમાં ૭૩ વર્ષીય વૃદ્ધનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે.

શહેરમાં આજે નોંધાયેલ બન્ને દર્દીએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે. શહેરમાં મોટા ભાગના દર્દીઓ હોમ આઈસોલેશનમાં સારવાર હેઠળ હોવાથી તંત્રએ આઈસોલેશનના નિયમોની અમલવારી અસરકારક થાય તેમજ જાહેર સ્થાનો પર સોશ્યલ ડિસ્ટન્સીંગ જળવાઈ રહે તે જોવા માટે તાકીદ કરી છે.

ગાંધીનગર જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં પણ આજે બે કેસ નોંધાયા છે. તાલુકાના ધણપ ગામે બે કેસ નોંધાયા છે. ગાંધીનગર અને કલોલ તાલુકામાં જ કેસો આ વખતે પણ નોંધાઈ રહ્યા હોવાથી તંત્રની ચિંતા વધી છે. ગ્રામીણ વિસ્તારમાં સર્વેલન્સ સઘન કરવા માટે પણ સૂચનાઓ આપવામાં આવી છે.આજે નોંધાયેલ બન્ને દર્દીએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે. ગ્રામ્ય વિસ્તારમાં ૯૭૧ લોકોને હોમ આઈસોલેટ કરાયા છે.

### જુદી જુદી કક્ષાના સરકારી જુના આવાસો તોડીને

## નવા કોર્પોરેટ લુક ધરાવતા મકાનો બાંધવા માટે તબક્કાવાર આયોજન

**સે-૨૨માં ચ કક્ષાના ૪૪૮ મકાનો બાંધવામાં આવશે : સે-૨૯ અને સે-૩૦ માં પણ નવા ૯૫૨ આવાસો બાંધવા માટે ટુંકમાં આખરી આયોજન કરાશે : નવા આવાસો બાંધવા માટે ટેન્ડર પ્રક્રીયા હાથ ધરવામાં આવી**

ગાંધીનગર તા ૧

ગાંધીનગરના સેકટરોમાં સ્થિત જુદી જુદી કક્ષાના સરકારી આવાસો પાંચ દાયકાના અંતે જોખમી અને કંગાળ હાલતમાં છે. જયારે જુના આવાસો તોડીને નવા કોર્પોરેટ લુક ધરાવતા મકાનો બાંધવા માટે તબક્કાવાર આયોજન કરવામાં આવ્યુ છે. આગામી દિવસોમાં શહેરમાં નવા ૧૪૦૦ જેટલા મકાનો બાંધવા માટે કામ શરૂ કરાશે. જેમાં સે-૨૨ માં ચ કક્ષાના ૪૪૮ મકાનો બાંધવા માટે પણ સાઈટ નિયત કરવામાં આવી છે. જયારે સે-૨૯ અને સે-૩૦ માં પણ નવા આવાસો બાંધવા માટે આયોજન કરાશે નવા આવાસો બાંધવા માટે ટેન્ડર પ્રક્રીયા હાથ ધરવામાં આવી છે.

શહેરના સેકટરોમાં વિવિધ કક્ષાના સરકારી આવાસો હવે પાંચ દાયકાના અંતે દયાજનક સ્થિતિમાં છે. અલબત્ત આવાસો જોખમી હાલતમાં હોવાથી રહેણાંકના ઉપયોગમાં લઈ શકાય તેમ નથી. શહેરના સેકટરોમાં સ્થિત વર્ષો જુના આવાસો પણ તોડવામાં આવી રહ્યા છે. એકબાજુ જુના અને જર્જરિત મકાનો તોડવાનુ કામ ચાલી રહ્યુ છે. જયારે બીજીતરફ નવા મકાનો બાંધવા માટે પણ આયોજન કરવામાં આવી રહ્યુ છે. અત્યાર સુધી શહેરના સે-૭ સે-૬ તેમજ સે-૨૯ અને સે-૩૦ માં મકાનો બાંધવામાં આવ્યા છે. આ સેકટરોમાં સ્થિત વિવિધ કક્ષાની ટાવર કોલોનીમાં કર્મચારી પરિવારોનો વસવાટ પણ છે. જો કે નવા આવાસો ફાળવવાની પ્રક્રીયાના અંતે પણ કેટલાક મકાનો છેલ્લા બે વર્ષથી ખાલી હોવાનો રોષ પણ પ્રબળ બન્યો છે. જયારે થોડા સમય અગાઉ પેટા ભાડુઆતોની ચકાસણી સંદર્ભે હાથ ધરાયેલી ઝુંબેશના અંતે પણ ઘણાં મકાનોમાં અનઅધિકૃત કબજેદારોનો વસવાટ હોવાનુ ધ્યાને આવ્યુ હતુ. શહેરમાં રહેણાંકને લાયક મકાનોની સંખ્યા ઓછી છે જયારે આ સ્થિતિમાં આવાસોની ઘટ નિવારવા માટે પ્રમાણમાં સારી સ્થિતિ હોય તેવા મકાનોને મજબુતીકરણ હેઠળ પણ આવરી લેવામાં આવ્યા છે.

● અનુસંધાન પાન-૭ પર

## ગુડાના એલઆઈજી અને ઈડબ્લ્યુએસ આવાસોના દસ્તાવેજની ૧૦૦ના સ્ટેમ્પ પર નોંધણી થશે

**ગુડાના આ નિર્ણયથી ગરીબ લાભાર્થીઓને રાહત**

ગાંધીનગર તા ૧

ગાંધીનગર શહેરી વિકાસ સત્તા મંડળ દ્વારા નિર્મિત એલ આઈ જી અને ઈકોનોમિક પુઅર સેકશનના આવાસો અન્વયે અગાઉ દસ્તાવેજ નોંધણીનો ખર્ચ પણ વધુ થતો હતો દસ્તાવેજ નોંધણી માટે રૂ ૩૫ હજારથી ૪૧ હજાર સુધીનો ખર્ચ થતો હતો. જેના લીધો ગરીબ લાભાર્થીઓએ આ માટે પણ લોન લેવી પડે તેવી સ્થિતિ હતી જયારે હવે આ આવાસોને અનુલક્ષીને માત્ર ૧૦૦ રૂપિયાના સ્ટેમ્પ પર નોંધણી કરાવી શકાશે. જેના લીધે એક બેડરૂમ હોલ કિચનના લાભાાર્થીઓને રાહત થઈ છે.

ગાંધીનગર શહેરી વિકાસ સત્તા મંડળ દ્વારા આર્થિક રીતે નબળા વર્ગના પરિવારો માટે ૫૫૦૦ જેટલા ફલેટ ટાઈપ આવાસો બાંધવાનુ આયોજન કરવામાં આવ્યુ છે. જયારે આ પૈકી આવાસ નિર્માણની ૫૦ ટકા જેટલી કામગીરી થઈ ગઈ છે. જયારે લાભાર્થીઓને આવાસની ફાળવણી પણ કરી દેવામાં આવી છે. જયારે અત્યાર સુધી ગુડાના આવાસો અન્વયે આવાસોનો દસ્તાવેજ કરવાની પ્રક્રીયા પણ ખર્ચાળ પુરવાર થતી હતી અલબત્ત દસ્તાવેજ માટે લાભાર્થીઓએ રૂ ૩૫ હજારથી માંડીને ૪૧ હજાર સુધીનો ખર્ચ કરવો પડતો હતો જેના લીધે ગરીબ લાભાર્થીઓએ દસ્તાવેજ માટેના ખર્ચને અનુલક્ષીને પણ લોન લેવી પડે તેવી દયાજનક સ્થિતિમાં મુકાવાનો વારો આવતો હતો. જો કે હવે ગુડના નિર્ણય બાદ એલ આઈ જી અને ઈ ડબલ્યુ એસ ના

● અનુસંધાન પાન-૭ પર

## રહેણાંક પ્લોટની હરાજી અન્વયે ગુડાને ૬૫. ૨૯ કરોડની આવક

**સરગાસણનો પ્લોટ ખરીદવામાં કોઈએ રસ ન દાખવ્યો**

ગાંધીનગર, તા.૧

ગાંધીનગર શહેરી વિકાસ સત્તા મંડળ દ્વારા રૂપિયા ૬૨.૫૦ કરોડની તળિયાની કિંમત ધરાવતા રહેણાંક હેતુના ત્રણ પ્લોટની ઓનલાઈન હરાજી પ્રક્રિયા હાથ ધરવામાં આવી હતી સરગાસણના પ્લોટ ખરીદવા માટે કોઈ એ રસ દાખવ્યો ના હતો જ્યારે કુડાસણમાં ૫,૫૩૯ ચોરસ મીટરનો પ્લોટ રૂપિયા ૫૦.૯૬ કરોડ અને વાવોલમાં ૨,૭૨૯ ચોરસ મીટરનો પ્લોટ ૧૪.૩૩ કરોડમાં વેચાયો હતો. ગુડાને કુલ મળીને ૬૫.૨૯ કરોડની આવક થઈ હતી અને તળિયાની કિંમત સામે સરેરાશ ૨૭ ટકાનો ભાવ વધારો મળ્યો હોવાનું પણ સ્પષ્ટ થયું છે

ગાંધીનગર શહેરી વિકાસ સતામંડળની અગાઉ ની બોર્ડ બેઠક દરમિયાન આવક ઉભી કરવા અનામતના પ્લોટનું વેચાણ કરવા માટે નિર્ણય લેવાયો હતો બાદ વિવિધ હેતુના ૧૩ પ્લોટની વેચાણમાં મુકવા માટે પસંદગી કરવામાં આવી હતી અને પ્રક્રિયાને આગળ વધારવા માટે આ પ્લોટની માહિતી લેન્ડ પ્રાઈસ કમિટીને મોકલીને તળિયાની કિંમત નક્કી કરી આપવા માટે દરખાસ્ત કરવામાં આવી હતી. કમિટી દ્વારા ભાવ નિર્ધારણ કરી દેવામાં આવતાં ૧૩ પૈકીના ૩ પ્લોટ પ્રથમ તબક્કે ઓનલાઈન હરાજી કરીને વેચવાનો નિર્ણય પણ કરાયો હતો

ગુડાના સુત્રોમાંથી મળતી માહિતી અનુસાર પ્લાનિંગ સ્કીમ નંબર ૬ના વિસ્તાર કુડાસણમાં પોદાર ઈન્ટરનેશનલ સ્કૂલની પાછળ સ્થિત ૫,૫૩૯ ચોરસ મીટરના પ્લોટની તળિયાની કિંમત રૂપિયા ૪૦,૪૩,૪૭,૦૦૦ નક્કી કરાયાની સામે ૫૦,૯૫,૮૮,૦૦૦ હરાજીમાં મળ્યા હતાં. જેમાં ૪ ખરીદારો વચ્ચે બોલીઓ લાગી હતી. છે. મતલબ કે પ્રતિ ચોરસ મીટરના રૂપિયા ૭૩,૦૦૦ નિયત કરાયા તેની સામે ૯૨,૦૦૦નો ભાવ મળ્યો હતો. છે. બીજી બાજુ ટાઉન પ્લાનિંગ સ્કીમ નંબર ૧૩ના વાવોલ વિસ્તારમાં શિવેશ ૧૮૨

● અનુસંધાન પાન-૭ પર

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
ASTRAL PIPES
PRINCE PIPING SYSTEMS
Jaquar experience bathing
DR. FIXIT
Birla White THE WHITEST WHITE CEMENT
VINAYAK 500 ટી.એમ.ટી. સળીયા
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૩૨૨
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com